

# શ્રી
# આશાપુરા
# ચાલીસા

# શ્રી આશાપુરા ચાલીસા

## અને શ્રી આશાપુરા બાવની

સાથે છે

- માતાજીની સ્તુતિ
- માતાજીની આરતી
- માતાજીનો થાળ
- આદ્ય આશાશક્તિ
- વિશ્વંભરીની સ્તુતિ
- અંબામાતાની સ્તુતિ

કિંમત : રૂ. ૫-૦૦

(સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે)

પ્રકાશક : શ્રી કાપડી કમલેશ દેવજી રાજા
મેકરણ કૃપા પ્રસાદ સ્ટોર, માતાના મઢ,
વાયા : રવાપર તા. લખપત (કચ્છ) ફોન : (૦૨૮૩૯)૮૭૪૧૫

મુદ્રણ વ્યવસ્થાપક : મેકરણ કૃપા પ્રકાશન માતાના મઢ (કચ્છ)

## આદ્ય આશાશક્તિ



આદ્ય આશાશક્તિ રાજ રાજેશ્વરી,
ત્રિજંગવંઘા એવી હે દેવી કુમારી
કુલ કલ્યાણી રાજ્ય દાયિની,
સિંદૂરથી ભરપૂર સિંદૂરના તિલકવાળી
શસ્ત્રદળ કમળના પુષ્પ પર બિરાજમાન,
હે ! દેવી આશાપુરા આપને નમસ્કાર છે

આદિ શક્તિ મહામાયા અનંત છે. જેનાં અનેક નામ, રૂપ, ગુણોનું વર્ણન શાસ્ત્રોમાં લખેલ છે. ભગવતી મહિષાસુરમર્દિની આશાપુરાજીનું સ્વરૂપ કચ્છ, મઢમાં શ્રીદેવીની પ્રતિમા સ્વરૂપે સ્વયં પ્રકટ થયેલ છે. એટલે એમાં કાંઈ આકૃતિ જેવું જોવામાં નથી આવતું.

## આશાપુરા માતાજીની સ્તુતિ

ભવ દુ:ખ ભજની, ભવ ભય હરની
મંગળ કરની મા જય જય આશાપુરા મા
આદિ અનાદિ તું છો ભવાની, તુંહી વૈષ્ણવી તુંહી રુદ્રાની
રમા રાધિકા દુરગા કાલી, દૂર ગતિ હરજો મા...જય૦
અનેક અસુરોને તમે માર્યા, ભૂમિ પરથી ભાર ઉતાર્યા
ભક્તોની વ્હારે તમે, આવી રક્ષા કરજો મા... જય૦
ભાવિકના મા ભાવ ધરીને, તન મનમાં એ વાસ કરીને
ભક્તિ કરવા શક્તિ દેજો, સંકટ હરજો મા... જય૦
જીવનમાં એવી જ્યોત જગાડો, મીટે અજ્ઞાની ઉર અંધકારો
રાત દિવસ હું રટું સદાય, નામ તમારું મા... જય૦
અન્નપૂર્ણા રૂપે આપ છો માતા, સકળ જગતની પાલક દાતા
વિશ્વ તણી હે વિશ્વ વિખ્યાત, વિલંબ ન કરજો મા... જય૦
'દાસ જખુ' આવી ઊભો દ્વારે, બીજી નથી કોઈ આસ મારે
શરણાગત શરણું મા લઈને, દર્શન દેજો મા... જય૦

(હરિગીત છંદ)

આશાસુરી આશાપુરા, તું જોગરા જગ ધારિણી
જગદંબ જ્યોતિ ચંદ્રબિંબા, ભૈરવ ભય હારિણી
તું વિશ્વ વંદિત ભવાની, વર અભયપદ તું આપજે
જય માતા જય જોગેશ્વરી, તું મહેર અમ પર રાખજે. ૧
વાઘેશ્વરી વરદાયિની, વારાહીમા હરસિદ્ધ તું
ત્રિશૂળ વાળી મહાદેવી, આપજે નવ નિધ તું
શક્તિ સદા નવ ખંડમાં, જગ જ્યોત જ્વાળા સ્થાપજે
જય માત જય જોગેશ્વરી, તું મહેર અમ પર રાખજે. ૨
દેતાં દહન તારણ તરણ, મંગલ કરણ તું માત છો
સતપ કરણ તાપો હરણ, અભરા ભરણ વિખ્યાત છો
દે જ્ઞાન ગંગા સરસ્વતી, મુજ દોષ ટાળી નાખજે
જય માત જય જોગેશ્વરી, તું મહેર અમ પર રાખજે. ૩
તું ચાર ભુજા ચતુરવંદા, અષ્ટ ભુજા ઈશ્વરી
તુ દસ હથ્થી મહા ઘોરા, વીસ હથ્થી શ્રાવરી
દેજે શરણ રાખી ચરણ, તું 'રામ'ના દુઃખ કાપજે
જય માત જોગેશ્વરી, તું મહેર અમ પર રાખજે. ૪

# શ્રી આશાપુરા ચાલીસા

(દોહરો)

માતા આશા હૃદય ધરી, આયા દાસ તુમ્હારા
વિશ્વંભરી પૂરી કરો, આજ આશ અમારી

(ચોપાઈ)

ૐ આશાપુરા માત ભવાની,
દયા કરો શરણાગત જાની.
વિશ્વંભરી અખિલેશ્વરી માતા,
જગ જનની મુક્તિફલ દાતા.

હાથ ખડ્ગ ત્રિશૂલ સુહાવે,
ચંદ્રવદન અમૃત બરસાવે.
ગૌ ગંગા ગાયત્રી ગીતા,
પરા પરમેશ્વરી પરમ પુનિતા.
દીન દુખિયોંકા આપ સહારા,
માત લગાદો જીવનપારા.
કચ્છ ધરાકી હે કુળદેવી,
રાવળ જામને જીસકો સેવી.



સબકી આશા પૂરી કરતી,
દીન દુઃખીકે દુખડે હરતી.
ખડ્ગધારી પર નેહ તુમ્હારા,
બરસાવે અમૃતકી ધારા.
દેવચંદકો દર્શન દીન્હા,
સકળ મનોરથ પૂરણ કીન્હા.
માતા ! દુર્ગમ કાજ સંવારો,
ભવસાગરસે નાવ ઉબારો.

નારદ શારદ બ્રહ્મા બખાણી,
દયા કરો હે મા કલ્યાણી.
આદ્ય શક્તિ સચરાચર છાઈ,
આશાપુરા ઈચ્છિત ફલદાયી.
નભમેં હે નક્ષત્ર વ. તારા,
સૂર્ય ચંદ્રમેં તેજ તુમ્હારા.
ગુણ શત મુખસે શેષ હી ગાવૈ,
બ્રહ્મા વિષ્ણુ ભી પાર ન પાવૈ.



આદ્ય અવિકૃત પરમ પ્રકૃતિ,
સત્ત્વ રજસ તમોગુણ ધૃતિ.
આકાર સાકાર વ નિરાકારા,
પ્રગટ ભઈ વિધવિધ પરકારા.
દ્રષ્ટા કરાલ વદન શિરોમાલા,
ચંડ મુંડ મારે વિકરાલા.
મહિષમર્દિની જબ રૂપ ધારા,
ઔર અસુર મહિષાસુર મારા.

શ્યામ વર્ણ માતા વિકરાલી,
પ્રગટ ભઈ બનકે મહાકાલી.
ઓમસે ઉમાકા રૂપ ધારા,
પરાસે પાર્વતી બની સકારા.
જય નવદુર્ગા માત ભવાની,
બાંય ગ્રહો મા સેવક જાની.
ત્રિવિધ તાપ હરો ચામુંડા,
નાવ ઉગારો મા કૃષ્માંડા.



આશાપુરા મા અભયપદ દાતા,
મંગલમયી કલ્યાણી માતા.
દરસ દિખાદો જોલી ભરદો,
મનકી આશા પૂરી કરદો.
જોહે દાસ જગતમાં તેરો,
સફલ હુવો વો જીવન ફેરો.
ચાચરકુંડ હૈ પરમ પુનિતા,
ખટલા પર્વત ભી અદ્ભુતા.

ચામરધારી કચ્છકે ક્ષત્રિ,
અદ્ભુત તેરી રાવળપત્રિ.
નૌ મંગલ જો વ્રત હો તેરા,
હોય સફલ વો જીવન ફેરા.
સુખ સંપત્તિ ધન ધાન્ય બઢાવે,
ઔર શત્રુસે આંચ ન આવે.
ભક્ત જીસે ભી તુમને માના,
જહાઁ જાયે પાયે સન્માના.



જો મુખપાઠ કરે ચાલીસા,
પૂરણ હો સબ મનકી આશા.
દુઃખ કલેશ ભય પાસ ન આવે,
આશાપુરા માત બચાવે.
નામ ભજે તો બંધન તૂટે,
સાત પાઠ સે કૈદી છૂટે.
તનમેં રહે ના રોગ કલેશા,
મંગલમય હો જીવન શેષા.

આશાપુરા માકી કરે આરતી,
ષડ્‌રિપુકો મા સંહારતી.
રિદ્ધિ સિદ્ધિ સુખ સંપત્તિ આયે,
સબ ઝગમગ ઝગમગ હો જાયે.
જીસપે કૃપા હો તુમ્હરી માતા,
મુક્તિ પાકે જનમ નહિ પાતા.
આશાપુરા કરો શત્રુ વિનાશા,
પૂરી કરદો મનકી આશા.



જો નિશદિન ચાલીસા ગાવે,
રિદ્ધિસિદ્ધિ ઔર સબ સુખ પાવૈ.
કોડ કરો 'બળવંત'કા પૂરા,
દર્શન દો મા આશાપુરા.

(દોહરો)

આશાપુરા ચાલીસા, કરે જો સાંજ-સવાર
રિદ્ધિસિદ્ધિ કાયમ રહે, સુખી રહે પરિવાર.

**શ્રી આશાપુરા માતાજીકી જય.**